# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૭ અંક : ૨૪૫ તા.૧૮-૦૬-૨૦૨૧ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# મીડકેપ શેરો હવે સુંદર તેજીના તબક્કામાં દાખલ થઈ રહ્યા છે

ડેરીવેટીવ કોલ વાચકોમાં ખૂબ જ પોપ્યુલર થયા છે અને આ સાથે ગયા અંકમાં લાર્સનના કોલમાં એક જ સેશનમાં કેટલું સુંદર રિટર્ન છૂટ્યું તે દર્શાવ્યું છે.

મીડકેપ શેરો હવે કરેકશન પૂરું કરીને સુંદર તેજીના તબક્કામાં દાખલ થઈ રહ્યા છે અને તેથી વ્યવસ્થિત મીડકેપ શેરો ઉપર ફોકસ કર્યું હશે તો આગામી દિવસોમાં ખૂબ સરસ રિટર્ન છૂટી શકશે અને આ વખતે ફુદ્દા શેરોમાં પણ ખૂબ સુંદર ઉછાળો ડ્યૂ છે.

**થોમસકૂક**નો શેર છેક રૂા. ૪૦-૪૪ના ભાવથી લેવડાવીએ છીએ.



**થોમસકૂક**નો શેર છેક રૂા. ૪૦-૪૪ના ભાવથી લેવડાવીએ છીએ. પ્રેમવત્સની આ કંપનીનો શેર અત્યારે રૂા. ૬૮ ઉપર આવ્યો છે અને તેમાં હજી




રોકાણ જાળવી રાખજો. અનલોકને કારણે ટ્રાવેલ બિઝનેસ ફરી વખત કાર્યરત થશે અને તેમાં આ શેર ઝડપી ઉછાળો બતાવે તેવી ગણતરી છે.

તે જ પ્રકારે ગયા અંકમાં રૂા. ૨૯ના ભાવે **અબાન ઓફશોર**નો શેર લેવડાવ્યો હતો અને ફક્ત પાંચ જ ટ્રેડિંગ સેશનમાં અબાનનો શેર રૂા. ૪૮.૬૦ ઉપર આવ્યો છે અને આ શેરમાં હજી રૂા. ૫ના ઝડપી ઉછાળાની જગ્યા છે.

અંક નંબર-૯માં **રોલ્ટા**નો શેર રૂા. ૫.૯૦ના ભાવે અને ગયા અંક વખતે રૂા. ૬ના ભાવે પકડવાની વાત કરી હતી. સટ્ટાકીય ઉછાળો છે અને અત્યારે રૂા. ૬.૬૬ ઉપર આવ્યો છે. આગામી દિવસોમાં રૂા. ૭.૩૦નો ભાવ જોવા મળવાની ગણતરી. સટ્ટાકીય પાસું છે તે ધ્યાન બહાર ન જાય.

**અદાણી પાવર**નો શેર ગયા અંક વખતે રૂા. ૧૦૬ના ભાવે લેવાની વાત કરી હતી અને તે પછી અદાણી પાવરનો શેર અત્યારે રૂા. ૧૪૮ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં તોતીંગ ઉછાળાની જગ્યા છે. એક જ અઠવાડિયામાં આ શેરે ખૂબ સુંદર ઉછાળો બતાવ્યો.

ગયા અંકમાં ફ્યુચર રીટેઈલ રૂા. ૫૫ના ભાવે લેવડાવ્યો હતો અને અત્યારે રૂા. ૬૦ થયો છે. શોર્ટટર્મ એન્ગલથી હવે **ફ્યુચર રીટેઈલ**ના રૂા. ૬૦વાળા શેરમાં મજબૂત ઉછાળો દેખાય છે અને તેથી તે શેર ઉપર ફોકસ કરી દેવું. આવતા થોડા દિવસોમાં ફ્યુચર રીટેઈલના શેરમાં રૂા. ૭૦ પ્લસના ભાવની સંભાવના છે. એક વખત દિલ્હી હાઈકોર્ટમાં આ કેસ અંગે કંઈક ડેવલપમેન્ટ થાય તો તેની અસર આ શેર ઉપર પોઝિટિવ પડી શકે. રોકાણ જાળવી રાખવું. તે જ પ્રકારે **ફ્યુચર એન્ટરપ્રાઈઝ**ના શેરમાં પણ અત્યારે રૂા. ૧૧.૬૦ના ભાવે રોકાણ કરી શકાય અને તેમાં પણ શોર્ટટર્મમાં રૂા. ૧૩નો ભાવ જોવા મળી જાય તો નવાઈ નહિ.

**રીકો ઓટો**નો શેર અંક નંબર-૮માં રૂા. ૪૩ના ભાવે લેવડાવ્યો હતો અને અત્યારે રૂા. ૪૯ ઉપર આવ્યો છે અને તેમાં આવતા થોડા દિવસોમાં બીજા રૂા. પાંચના ઉછાળાની જગ્યા છે.

શોટટર્મ ખેલાડીઓનું ફોકસ હવે **બોમ્બેડાઇંગ**ના શેર ઉપર શિફ્ટ થયું છે. એમ પણ થોડા દિવસો પહેલા આ શેર રૂા. ૮૦ના ભાવે લેવડાવ્યો હતો અને અત્યારે વધીને રૂા. ૮૯ ઉપર આવ્યો છે. ગો-એરનો આઈપીઓ આવી રહ્યો છે અને તે પાછળ આ શેરમાં મજબૂત ઉછાળાની જગ્યા છે.

ગયા અઠવાડિયે રૂા. ૫૪ના ભાવે **સાંઘી ઇન્ડસ્ટ્રીઝ**નો શેર લેવાની વાત કરી હતી અને તે પછી રૂા. ૬૨.૮૫નું ટોપ બતાવીને સાંઘીનો શેર અત્યારે રૂા. ૫૮ ઉપર છે અને તેમાં રોકાણ જાળવી શકાય. આવતા થોડા દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળાની જગ્યા દેખાય છે.

**નાહર સ્પીનીંગ**નો શેર છેલ્લા ઘણા અંકથી લેવડાવીએ છીએ. અત્યારે રૂા. ૧૬૩ ઉપર આવ્યો છે અને તેમાં જે રીતે માર્ચ ક્વાર્ટરનો નફો છે તે જોતા આવતા થોડા દિવસોમાં રૂા. ૧૭૩નો ભાવ આવી જતા વાર નહિ લાગે.


**POLYLINK POLYMERS (INDIA) LIMITED**

CIN No: L17299GJ1993PLC032905
Registered Office: 229-230,Village : Valthera,
Taluka – Dholka, Distt. Ahmedabad, Gujarat - 387810
Ph No.: 079-26427800, Fax: 079-26421864
Website:www.polylinkpolymers.com
E-mail: polylink@polylinkpolymers.com

**નોટિસ**

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ તથા રેગ્યુલેશન ૪૭ અન્વયે નોટિસને પાઠવવામાં આવે છે કે તા.૨૮મી જૂન ૨૦૨૧,સોમવારનાં રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ મળશે. જેમાં ૩૧મી માર્ચ,૨૦૨૧ ના રોજ પૂરા થયેલા ચોથા કર્વાટર અને વાર્ષિક ગાળાનાં ઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે અને અન્ય બીઝનેસ આઈટમો.

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.polylinkpolymers.com અને સ્ટોક એક્ષચેંજની વેબસાઈટ www.bseindia.com ઉપર પણ જોઈ શકાશે.

પોલીલીંક પોલીમર્સ(ઈન્ડીયા)લીમીટેડનાં
બોર્ડ ઑફ ડાયરેક્ટર્સના હુકમ થી

તારીખ: ૧૮.૦૬.૨૦૨૧
સ્થળ : અમદાવાદ

સહી/-અંકીત વગેરીયા
કંપની સેક્રેટરી


નાના કરેકશન પછી **તામિલનાડુ પેટ્રો**નો શેર ખૂબ જ ઝડપથી સુધરતો જાય છે. અત્યારે રૂા. ૧૧૨ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૨૨ અને તે પછી રૂા. ૧૨૮નો ભાવ પણ ક્યાં આવી જશે તે પણ ખબર નહિ પડે.

**સ્ટરલાઇટ ટેકનોલોજી**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂા. ૨૭૧ ઉપર આવી ગયેલો આ શેર આવતા થોડા દિવસોમાં રૂા. ૨૮૧ અને તે પછીના ઉછાળે રૂા. ૨૯૧નો ભાવ બતાવી દેવાની ગણતરી.

અત્યારે શોર્ટટર્મ ખેલાડીઓને અદાણીના શેરોમાં મજા પડી ગઈ છે. અનેક ઉદ્યોગપતિઓને મૂડી વધારવામાં વરસો લાગી ગયા હોય તેની સામે અદાણી ગ્રૂપનું માર્કેટ કેપિટલાઈઝેશન છેલ્લા ૬૦ દિવસમાં જ તોતીંગ દરે વધ્યું છે. અત્યારે અદાણી પોર્ટને ઠંડો રાખીને ખેલાડીઓનું ફોકસ **અદાણી ટ્રાન્સમિશન**ના શેર ઉપર શિફ્ટ થઈ ગયું છે. પાવરગ્રીડનું વિભાજન કરીને અમૂક હિસ્સો અદાણી ટ્રાન્સમિશનને સુપ્રત થાય તો નવાઈ નહિ લાગે. અદાણી ટ્રાન્સમિશન અત્યારે રૂા. ૧૬૦૨ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૧૬૪૨ અને તે પછી રૂા. ૧૭૦૦નું લેવલ કૂદાવી દેશે. તેમ છતાં આ શેરમાં નફો ઘરમાં લાવવાની ઉતાવળ ન કરતા.

સામે પક્ષે **અદાણી એન્ટરપ્રાઈઝ**માં ગયા અઠવાડિયા દરમ્યાન થોડીક નબળાઈ જોવાઈ પરંતુ રોકાણ જાળવી રખાય.

**એચડીએફસી એએમસી**ના શેરમાં ફેન્સી વધતી જાય છે. એક તરફ મ્યુચ્યુઅલ ફંડોમાંથી પૈસા ઉપાડવાનું ઘટ્યું છે અને તેની પાછળ આ શેરમાં પણ આકર્ષણ વધ્યું. અત્યારે રૂા. ૩૦૯૩ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૩૧૨૦નો ભાવ આવી જવાની ગણતરી છે. અને તે પછી ધીરે ધીરે રૂા. ૩૨૦૦ અને તે પછી રૂા. ૩૩૦૦નો ભાવ પણ જોવા મળશે.

**યુનાઇટેડ સ્પીરીટ** અને **યુનાઇટેડ બ્રુવરી**ના શેરો ભેગા કરવાનું ચારેક અંકથી દર્શાવીએ છીએ. યુનાઈટેડ સ્પીરીટ અત્યારે રૂા. ૬૪૬ ઉપર છે અને તેમાં થોડા દિવસોમાં રૂા. ૬૫૬ અને તે પછી રૂા. ૬૭૬નો ભાવ આવી જતા વાર નહિ લાગે. તે જ પ્રકારે યુનાઈટેડ બ્રુવરીમાં પણ સુંદર ઉછાળો દેખાય છે.

મુકેશ અંબાણીના વેવાઈની કંપની **પીરામલ એન્ટરપ્રાઈઝે** સુંદર ઉછાળો બતાવ્યો. રૂા. ૨૨૫૩ ઉપર આવ્યો છે પરંતુ થાક ખાવાનું નામ નથી લેતો. પોતાના કરતા અનેકગણી મોટી કંપની દીવાન હાઉસીંગ ફિનાન્સ તેમને મફતના ભાવે મળી છે એટલે શેર તો વધવાનો. આવતા થોડા દિવસોમાં રૂા. ૨૩૨૩ અને તે પછી થોડા દિવસોમાં રૂા. ૨૫૫૫નો ભાવ જોવા મળશે. એટલું યાદ રાખજો કે આ શેર બ્લોકબસ્ટર રીટર્ન આપી શકશે અને તેથી બે-ત્રણ વર્ષના એન્ગલથી લેશો તો પણ વાંધો નહિ આવે.

**માસ્ટેક**નો શેર મજબૂત તેજીમાં દાખલ થયો છે. રૂા. ૨૦૬૨ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૨૦૯૨ અને તે પછી રૂા. ૨૧૯૧નો ભાવ આવી જવાની ગણતરી.

**એસકેએફ ઇન્ડિયા**ના શેરમાં પણ ખૂબ સુંદર ઉછાળો દેખાય છે. અત્યારે રૂા. ૨૫૪૯ વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૨૫૭૫ અને તે પછી થોડા દિવસોમાં રૂા. ૨૬૬૨નો ભાવ આવી જવાની ગણતરી છે.


## ડે-ટ્રેડીંગમાં કેવી રીતે કમાવાય ?

ખૂબ જ ઓછા મૂડીરોકાણથી સારું કમાઈ લેવા માટે શેરબજારના લગભગ ૫૦ ટકા સોદાઓ ડે-ટ્રેડીંગના થાય છે અને ડે-ટ્રેડીંગમાં કેવી રીતે શેર પસંદ કરવો અને ક્યારે તેમાં એન્ટ્રી લેવી તે અંગેની વિસ્તૃત સમજ આપતું આ અંગ્રેજી પુસ્તક છે. અને અમારા દ્વારા રૂા. ૨૯૫ની મૂળ કિંમતનું આ પુસ્તક ખાસ ડિસ્કાઉન્ટ કિંમતમાં ઓફર થયું છે. રૂા. ૨૯૫-૨૫ = રૂા. ૨૭૦




ઓનલાઇન ખરીદો GyanPothi.com

## શેરબજારનું ટેકનિકલ એનાલિસીસ સમજો

ચાણક્યના દર અંકમાં ચાર્ટ એનાલિસીસ આપીએ છીએ. આ એનાલિસીસ સમજવા ડો. હર્ષદ કામદાર લિખિત એક ગુજરાતી પુસ્તક રસપ્રદ છે. ડો. હર્ષદ કામદાર દ્વારા સરળ ભાષામાં ચાર્ટ એનાલિસીસની સમજ આપી છે. આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ રૂા. ૧૫ ડિસ્કાઉન્ટ રૂા. ૧૨૦-૧૫ = રૂા. ૧૦૫



## ધ ઇન્ટેલિજન્ટ ઇન્વેસ્ટર

આ પુસ્તક અત્યારે અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ છે પરંતુ આ પુસ્તકને શેરબજારના બાઈબલ તરીકે વિશ્વભરમાં ઓળખવામાં આવે છે અને શેરબજાર અંગે કશું પણ શીખવા માંગતા ઇન્વેસ્ટરે આ પુસ્તક ભલે વાંચો નહિ પરંતુ દરરોજ રાત્રે માથા નીચે મૂકીને સૂઈ જવા માટે યોગ્ય કહી શકાય.




બેન્જામિન ગ્રેહામ દ્વારા લખાયેલા આ પુસ્તકનો વિસ્તૃત અભ્યાસ વિશ્વના સૌથી ધનાઢ્ય ઇન્વેસ્ટર વોરેન બફેટ દ્વારા કરવામાં આવ્યો હતો અને આ પુસ્તકની એકેએક સલાહ વોરન બફેટે તેમના જીવનમાં અપનાવી છે અને કદાચ તેને કારણે તેઓ જોરદાર સફળ થયા.

આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ કિંમત રૂા. ૭૯૯ રૂા. ૭૫૦

ઓનલાઇન ખરીદો GyanPothi.com
GooglePay ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે
પેટીએમ ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે


શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ કલકત્તાની **સીઈએસસી**ના શેર ઉપર શિફ્ટ થયું છે. અત્યારે રૂા. ૭૬૬ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૮૦૦નો ભાવ જોવા મળી જવાની ગણતરી છે.

તે જ પ્રકારે પેકેજિંગ મટીરીયલ બનાવતી **પોલીપ્લેક્સ**ના શેરમાં પણ ખૂબ સુંદર ઉછાળો ડ્યૂ છે. પોલીપ્લેક્સ અત્યારે રૂા. ૧૩૨૮ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૧૩૬૩નો ભાવ આવી જવાની ગણતરી અને તે પછીના ઉછાળે રૂા. ૧૪૪૫નો ભાવ પણ જોવા મળશે.

નાની રકમના શેરમાં રૂા. ૫૪.૭૦વાળો **એનબીસીસી**નો શેર પણ ખાસ ધ્યાન ખેંચે છે અને જેપી ઇન્ફ્રાટેક અંગે કોર્ટ કંઈ નિર્ણય લે તે સંભાવના હોવાને લીધે એનબીસીસીમાં ફેન્સી વધતી જાય છે. જે રીતે પીરામલ એન્ટરપ્રાઈઝ ઊંચકાયો તે જ રીતે રૂા. ૫૪.૭૦વાળો એનબીસીસીનો શેર ઊંચકાઈ જતા વાર નહિ લાગે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

અમારા પેઈડ કોલ્સમાં રૂા. ૨૪ના ભાવે **આલોક ઇન્ડસ્ટ્રીઝ**નો શેર શુક્રવારે લખ્યો હતો અને શુક્રવાર સાંજ સુધીમાં તેમાં રૂા. ૨૮.૭૦નો ભાવ જોવાયો. રિલાયન્સ ગ્રૂપની આ કંપનીમાં આવતા થોડા દિવસોમાં તોતીંગ ઉછાળા સાથે રૂા. ૩૨ અને તે પછી ધીરે ધીરે રૂા. ૩૮નો ભાવ જોવા મળવાની ગણતરી છે. એમ પણ ટેક્ષટાઈલ સેક્ટર માટે અત્યારના મહિનાઓ જોરદાર છે.

**વીઆરએલ લોજિસ્ટિક** ટ્રકોનું કામકાજ કરે છે અને હવે અર્થતંત્ર ફરી વખત ચાલુ થયું હોવાથી ટ્રકોની હેરફેર વધવાની, શેર અત્યારે રૂા. ૨૯૬ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૩૨૦નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

પેથોલોજિકલ ટેસ્ટીંગનું કામ કરતી **થાઈરોકેર**નો શેર અત્યારે રૂા. ૧૨૨૯ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં તેમાં ઝડપી ઉછાળા સાથે રૂા. ૧૩૦૦નો ભાવ આવી જતા વાર નહિ લાગે.

**ફ્યુચર સપ્લાય ચેઈન**નો શેર કવર કરવાનું દર્શાવ્યું હતું. કિશોર બિયાનીની આ કંપનીનો શેર મે મહિનાની શરૂઆતમાં રૂા. ૭૦ ઉપર હતો અને અત્યારે રૂા. ૯૭ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૧૧૦નો ભાવ આવી જવાની ગણતરી. આ કંપની વિવિધ શોપિંગ મોલ માટે માલની ડિલિવરીનું કામકાજ કરે છે અને અનલોકડાઉનને કારણે શોપિંગ મોલનો બિઝનેસ ઝડપથી સુધરશે તેવી ગણતરી છે.

વિવિધ પ્રકારની ચેઈનનું ઉત્પાદન કરતી **એલજી બાલક્રિષ્ણન**ના શેરમાં પણ ઝડપી ઉછાળો જોવાયો. અત્યારે રૂા. ૩૯૫ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૪૧૦ અને તે પછી રૂા. ૪૫૦નો ભાવ ક્યાં આવી જશે તે પણ ખબર નહિ પડે.

**ડીએફએમ ફુડ્ઝ**નો શેર રૂા. ૪૩૮ ઉપર ચાલે છે અને આ શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. આવતા થોડા દિવસોમાં આ શેરમાં ઝડપથી રૂા. ૪૮૪નો ભાવ આવી જવાની ગણતરી. દસેક શેરનું કામકાજ કરી શકાય.

અમદાવાદની **જેએમસી પ્રોજેક્ટ**ના શેરમાં દાખલ થવાનું દર્શાવેલું. અત્યારે રૂા. ૧૭૧ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૧૪૧ અને તે પછી રૂા. ૧૫૧નો ભાવ આવી જવાની ગણતરી. જેએમસી પ્રોજેક્ટ હવે કલ્પતરૂ ગ્રૂપ પાસે હોવાને કારણે તેને જોરદાર ઓર્ડરો મળી રહ્યા છે.

ટ્રકમાં વપરાતી કેમસાફ્ટનું ઉત્પાદન કરતી **પ્રીશીસન કેમસાફ્ટ**નો શેર અત્યારે રૂા. ૬૬.૬૦ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૧૦ના ઉછાળાની ગણતરી.


## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ
staffavailable.com
ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો
તદ્દન ફ્રી
staffavailable.com


લાંબા સમય પછી મીડકેપ બેંક **ડીસીબી**ના શેરમાં હલચલ શરૂ થઈ છે. અત્યારે રૂા. ૧૧ વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં ઝડપી ઉછાળાની ગણતરી અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

ખાસ ડેવલપમેન્ટ હવે **જીએમડીસી**ના શેરમાં શરૂ થયું છે. અગાઉ પણ સંકેત આપ્યો હતો કે ગુજરાત સરકારની આ કંપની બે જંગી પાવર પ્લાન્ટ ધરાવે છે અને પોતાની જ લિગ્નાઈટની ખાણો છે અને તેથી તેના ટેઈકઓવરમાં અદાણી પાવરને રસ પડી શકે. એમ પણ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર અત્યારે થાળી લઈને ઊભી છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૭૮વાળો જીએમડીસીનો શેર રૂા. ૮૮ થઈ જાય તો નવાઈ નહિ લાગે. અને તેમાં ડિસઈન્વેસ્ટમેન્ટની ગણતરી હોય તે પણ સ્વાભાવિક છે.

**ગોવા કાર્બન**નો શેર અત્યારે રૂા. ૪૫૩ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં ખૂબ સુંદર ઉછાળાની ગણતરી. ડેમ્પો ગ્રૂપની આ કંપની સારો નફો બતાવે છે અને તેમાં ઝડપી ઉછાળા સાથે રૂા. ૪૮૦નો ભાવ આવી જતા વાર નહિ લાગે.

અમદાવાદની **પીએસપી પ્રોજેક્ટ** પાસે મોટા ઓર્ડરો છે. અત્યારે આ શેર રૂા. ૪૫૭ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૪૯૨ અને તે પછી રૂા. ૫૨૦નો ભાવ ક્યાં આવી જશે તે ખબર પણ નહિ પડે.

સરકારી કંપની **સ્ટીલ ઓથોરિટી**એ છેલ્લા થોડા સમયમાં સુંદર ઉછાળો બતાવ્યો. રૂા. ૪૫ ઉપર પડી રહેલો શેર રૂા. ૧૩૫ ઉપર છે અને તેમાં ડિસઈન્વેસ્ટમેન્ટની સંભાવના મોટી, તાતા ગ્રૂપને રસ પડે તે સ્વાભાવિક છે. આવતા થોડા દિવસોમાં સ્ટીલ ઓથોરિટીનો શેર રૂા. ૧૩૫થી રૂા. ૧૫૫ ઉપર મૂકી દેવાય તો નવાઈ નહિ લાગે.

રૂા. ૧૪૫ના ભાવે મળી રહેલા **તીરુમલાઈ કેમિકલ્સ**ના શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૫૫ અને તે પછી રૂા. ૧૬૫નો ભાવ આવી જવાની ગણતરી. શોર્ટટર્મ એન્ગલથી આ શેર ઉપર ફોકસ રાખવું.

**મીંડા ઇન્ડસ્ટ્રીઝ**નો શેર અત્યારે રૂા. ૬૧૨ ઉપર આવ્યો છે. મીંડાના શેરમાં મીંડા તો નહિ ઉમેરાય પરંતુ રૂા. ૬૧૨ વાળો શેર આવતા થોડા દિવસોમાં રૂા. ૬૩૨ અને તે પછી ધીરે ધીરે રૂા. ૬૬૨ થઈ જાય તે સંભાવના પૂરેપૂરી છે.

રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સુંદર ઉછાળા પછી હવે **રિલાયન્સ કેપિટલ**નો શેર પણ રૂા. ૨૦.૩૫ ઉપર આવ્યો છે પરંતુ ઝડપથી વધી ગયો હોવાથી થોડોક થાક ખાશે.

રૂા. ૫૪૦ના ભાવે મળતા **આઈએફબી એગ્રો**ના શેરમાં ઝડપી ઉછાળા સાથે રૂા. ૫૬૫ અને તે પછી રૂા. ૫૮૫નો ભાવ જોવા મળવાની ગણતરી. આ કંપની વોશિંગ મશીન અને રેફ્રિજરેટર બનાવે છે અને તેમાં માંગ સુંદર છે.

**સેન્ચરી એન્કા**નો શેર રૂા. ૩૯૩ ઉપર છે. ગયા અઠવાડિયે રૂા. ૪૦૦ના ભાવે લેવડાવ્યા પછી થોડુંક પ્રોફિટ બુકીંગ આવ્યું છે પરંતુ જાળવી રખાય. સામે પક્ષે **દીપક ફર્ટિલાઈઝર**નો શેર છેલ્લા બે અઠવાડિયાથી લેવાની વાત કરીએ છીએ. અત્યારે દીપકનો શેર રૂા. ૩૯૬ ઉપર છે અને તેમાં છેલ્લા ઉછાળા સાથે રૂા. ૪૩૬નો ભાવ ઝડપથી આવી જવાની ગણતરી અને તે પછી પ્રોફિટ બુકીંગ માટે તૈયાર રહેવું.

**ફિનોલેક્સ કેબલ** રૂા. ૫૦૧ ઉપર આવ્યો છે. ગયા અંકમાં રૂા. ૪૮૧ના ભાવે લેવાની વાત કરી હતી. રોકાણ જાળવી રાખજો, આવતા થોડા દિવસોમાં રૂા. ૫૧૧ અને તે પછી રૂા. ૫૩૧નો ભાવ આવી જવાની ગણતરી. થોડાક શેરો લઈને મૂકી શકાય. **જૈન ઈરીગેશન** અત્યારે રૂા. ૨૬.૮૦ ઉપર આવ્યો છે અને તેમાં રોકાણ જાળવી રખાય.

**મુંજાલ-સોવા**ના શેરમાં પણ ધીમો સુધારો શરૂ થયો છે. અત્યારે આ શેર રૂા. ૧૬૧ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં ઝડપી ઉછાળા સાથે રૂા. ૧૮૧નો ભાવ આવી જવાની ગણતરી. નાનું રોકાણ કરી શકાય.

**ક્લેરીયન્ટ ઇન્ડિયા**ના શેરમાં શુક્રવારે થોડુંક પ્રોફિટ બુકિંગ આવ્યું. આવતા થોડા દિવસોમાં રૂા. ૫૫૩ વાળો શેર ધીમા સુધારા સાથે રૂા. ૫૮૩ થઈ જવાની ગણતરી છે અને તેથી દસેક શેરનું જોખમ લઈ શકાય.

**પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝ** અત્યારે રૂા. ૨૧૧૬ ઉપર આવ્યો છે અને તેમાં ફોકસ રાખવું. આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૨૨૨૨ અને તે પછી રૂા. ૨૨૯૨નો ભાવ આવી જવાની ગણતરી. થોડાક શેરો લઈને મૂકી શકાય.

**એસઆરએફ** અત્યારે રૂા. ૭૦૬૫ ઉપર ચાલે છે અને તે શેરમાં પણ આવતા થોડા દિવસોમાં રૂા. ૭૨૧૨ અને તે પછી રૂા. ૭૩૪૩નો ભાવ જોવા મળવાની ગણતરી છે. નાનું રોકાણ કરી દેવાય.

**જિંદાલ સ્ટેનલેસ સ્ટીલ** રૂા. ૧૦૫ ઉપર આવ્યો છે અને તેમાં જૂન ક્વાર્ટરના પરિણામો જોરદાર આવવાની ગણતરી. આવતા થોડા દિવસોમાં રૂા. ૧૨૧નો ભાવ આવી જતા વાર નહિ લાગે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

**તાતા એલેક્સી**માં હજી જોરદાર તેજી બાકી છે. અત્યારે રૂા. ૩૮૨૦ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૪૦૦૦ ઉપરનો ભાવ આવી જવાની ગણતરી. રૂા. ૩૪ના ભાવનો **ઇલેક્ટ્રો સ્ટીલકાસ્ટિંગ** ધ્યાનમાં રાખજો અને રણછોડને યાદ કરજો.ગયા અઠવાડિયે એક સેશન કરેકશન અને નબળાઈ બતાવ્યા પછી ફરી એક વખત ગુરુવારે રાત્રે અમેરિકન બજારોમાંથી એકદમ પોઝિટિવ સંકેત મળ્યો હોવાને કારણે એશિયાઈ અને ભારતીય બજારોમાં ખૂબ જ સુંદર ઉછાળો જોવાયો હતો. અને સામે પક્ષે ભારતમાં

## ગામની ગપસપ

- **યુનાઇટેડ બ્રુવરી**, વિદેશી પ્રમોટરોને હોલ્ડિંગ વધારવાની છૂટ અપાઈ. નફો પણ સુંદર આપશે. રૂા. ૧૪૦૦ તો આવી ગયો, પકડી રાખજો, આવતા થોડા દિવસોમાં રૂા. ૧૪૪૪ના ભાવની ગણતરી.
- **બાયોકોન**, અફલાતૂન ફન્ડામેન્ટલ અને કંપની પાસે રીસર્ચના જોરદાર પ્રોજેક્ટો, રૂા. ૪૧૫ ઉપર આવી ગયો છે. થોડા દિવસોમાં જ રૂા. ૪૪૦નો ભાવ બતાવશે.
- **રાલિસ ઇન્ડિયા**, તાતા ગ્રૂપનો શેર, તાતા કેમિકલ્સ સાથે ભેળવી દેવાય તે સંભાવના મજબૂત, રૂા. ૩૪૪માં થોડાક શેરો લઈ લો અને આવતા થોડા દિવસોમાં રૂા. ૩૭૪ના ભાવની ગણતરી.
- **પીરામલ એન્ટરપ્રાઈઝ**, મુકેશ અંબાણીનો વેવાઈ અને આ પણ એક મોટી સિદ્ધિ છે અને તેને કારણે પણ તેજીને બળ મળે. દીવાન હાઉસીંગ હસ્તગત કરવાની વાત પાછળ તોફાની ઉછાળા સાથે રૂા. ૨૨૫૭ ઉપર આવ્યો છે. રોકડી કરવાની ઉતાવળ ન કરતા, બીજી રૂા.૧૦૦ની નોટ આપી જશે. ઉપરમાં રૂા. ૨૩૯૭નો ભાવ જોવા મળે.
- **યુનાઇટેડ સ્પીરીટ**, અસલના ભાવે આઈટીસી ન લીધો હોય અને હવે તેવો મલ્ટીબેગર શેર લેવો હોય તો યુનાઈટેડ સ્પીરીટ લેવાનું ગયા અઠવાડિયે કહ્યું હતું. રૂા. ૬૪૪માં લો, ઝડપથી રૂા. ૬૭૪નો ભાવ જોવા મળે.
- **સુંદરમ્ ફાસ્ટનર**, નવી તેજીમાં દાખલ થયો છે. રૂા. ૮૪૫માં લેવાય. ઝડપથી રૂા. ૯૦૦ના ભાવની ગણતરી.
- **બાટા ઇન્ડિયા**, ફરી એક વખત બાટાની શૂઝની માંગ વધે, બેંક વાળાઓને ઉઘરાણીમાં જવું પડે છે અને અસંખ્ય યુવકોને નોકરી શોધવામાં બાટાના પગરખાંની જરૂર, માંગ અને નફો વધ્યા, રૂા. ૧૫૪૬ના ભાવે થોડાક શેરો લઈ લો, આંકડાની અદલાબદલી કરશે. રૂા. ૧૬૫૪ નક્કી છે.
- **માઇન્ડટ્રી**, લાર્સનવાળાની કંપની અને જોરદાર બિઝનેસ કરી રહી છે. રૂા. ૨૩૧૦ ઉપર આવ્યો છે. વધારે નહિ તો પાંચ કે દસ શેર લઈને મૂકી દેવાય, ઝડપથી રૂા. ૧૦૦-૧૦૦ની બે નોટ આપી જાય.
- **અદાણી ટ્રાન્સમિશન**, ગયા અઠવાડિયે આ શેર લેવડાવેલો, અને તે પછી સોમવારની સેશનમાં તોતીંગ ઉછાળો બતાવ્યો. નાનું કરેકશન પતાવીને રૂા. ૧૪૫૦ ઉપર, જાળવજો, ઝડપથી રૂા. ૧૫૪૦ના ભાવની ગણતરી અને તે પછી પણ વેચવાની ઉતાવળ ન કરતા. ઉતાવળા નહિ બનતા.

  **ઇન્ડેક્ષ**, મે મહિનો એટલે મંદીનો મહિનો અને આ મહિનો હવે પૂરો થઈ ગયો. હવે જૂન મહિનો શરૂ થશે અને તેની સાથે સાથે નિફ્ટી અને બેંક નિફ્ટીમાં તોફાની ઉછાળો જોવાય. સાથે સાથે આઈપીઓ પણ ધડાધડ આવવાનું શરૂ થઈ જશે. આપણને બધાને જોરદાર કામ રહેશે.
- **યુપીએલ**, ક્રોપ પ્રોટેક્શન અને પેસ્ટીસાઈડના ધંધામાં અત્યારે ભારતમાં સૌથી મોટું નામ, યૂરોપના માર્કેટમાં જંગી વેચાણો, નફો સુંદર આપશે, રૂા. ૮૧૯ના ભાવે ધ્યાનમાં રાખવો, ઝડપથી રૂા. ૮૫૦ કૂદાવે.
- **સ્ટેટ બેંક**, આ સરકારી શેર અંગે ભારે આશાવાદ અને ખાસ તો રાકેશ ઝુનઝુનવાલા સ્ટેટ બેંક અને કેનેરા બેંક અંગે અતિશય બુલીશ, રૂા. ૭૦૦ના ભાવની વાત પણ તેમણે કરી નાખી. એટલા બધા લલચાઈ જવાને બદલે રૂા. ૪૭૦ના લક્ષ્યાંકથી શેર જાળવી શકાય.
- **ઇન્ડેક્ષ**, કોન્સોલિડેશનનો તબક્કો પૂરો કર્યા પછી સેન્સેક્ષ અને નિફ્ટીમાં ફરી એક વખત ઉછાળાનો ટ્રેન્ડ અને હવે ધીરે ધીરે આઈટી શેરોએ પણ તેજીની દોડમાં પ્રવેશ કર્યો છે.
- **ટાઈટન**, છેલ્લા થોડા દિવસોમાં રૂા. ૧૭૪૧ ઉપર આવ્યો છે અને આ શેરમાં ખૂબ જ સુંદર ફેન્સી, થોડાક શેરો લઈને મૂકી શકાય. આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૧૮૦૮નો ભાવ જોવા મળી જવાની ગણતરી. જૂન ક્વાર્ટરના આંકડા અંગે ખૂબ જ આશાવાદ.
- **ડિવીસ લેબ**, થોડો ઘટીને રૂા. ૪૩૪૬ ઉપર આવ્યો, તેમ છતાં આ ફાર્મા શેરમાં જોવાતું આકર્ષણ, ભાવ ઝડપથી વધે, થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **ઇન્ફોસીસ**, દેશના ટોચના ફંડ મેનેજરોએ પોતાના પોર્ટફોલિયોમાં ખૂબ જ જંગી લોટમાં ઇન્ફોસીસ ભેગા કર્યા. અત્યારે શેર રૂા. ૧૪૪૦ ઉપર. આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૧૫૦૦ પ્લસના ભાવની ગણતરી.
- **ટીસીએસ**, પરિણામોને હવે થોડા દિવસોની વાર અને આ વખતના ટીસીએસના પરિણામ જોરદાર આવશે. ગયા અઠવાડિયે જ રૂા. ૩૧૦૦માં લેવડાવ્યો હતો. અત્યારે વધીને રૂા. ૩૨૪૬ થયો છે. ઝડપથી રૂા. ૧૦૦ વધવાની જગ્યા.
- **તાતા કન્ઝ્યુમર**, આ શેરમાં જોરદાર ફેન્સી, અને ગણતરીના દિવસોમાં જ રૂા. ૬૦ વધીને રૂા. ૭૧૬ ઉપર આવ્યો, હજી મોડું નથી થયું. બે વર્ષના એન્ગલથી લેવા હોય તો મફત છે. શોર્ટટર્મમાં પણ રૂા. ૭૭૦ તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, કંપની પાસે જોરદાર ઓર્ડરો, માર્ચ ક્વાર્ટર પછી જૂન ક્વાર્ટરના આંકડા પણ સુંદર આવે. રૂા. ૧૫૨૨માં થોડાક શેરો લઈને મૂકી દેવાય, ધીમા સુધારા સાથે રૂા. ૧૭૦૦ના ભાવની ગણતરી.
- **તામિલનાડુ પેટ્રો પ્રોડક્ટ**, ઘણા અઠવાડિયાથી ભેગા કરાવીએ છીએ. કોન્સોલિડેશન પતાવીને નવી તેજીમાં, રૂા.૧૧૨ના ભાવે મફત છે. ઝડપથી રૂા. ૧૩૧નો ભાવ બતાવાની ગણતરી.
- **બાટા**, માર્ચ ક્વાર્ટરના આંકડા નબળા, તેમ છતાં રૂા. ૧૬૩૨ના ભાવે થોડાક શેરો લઈને મૂકી દેજો, ઝડપથી રૂા. ૧૦૦ વધવાની ગણતરી.
- **પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝ**, પરિણામો સુંદર આપશે, રૂા. ૨૧૩૨માં મફત છે. થોડાક શેરો લઈને મૂકી શકાય. તોફાની ઉછાળા સાથે રૂા. ૨૦૦ની નોટ આપી જવાની સંભાવના મજબૂત.
- **અદાણી ટ્રાન્સમિશન**, ન વેચવાનું કહ્યું હતું. રૂા. ૧૫૯૦ ઉપર આવ્યો છે. જાળવી રાખજો, થોડા દિવસોમાં જ રૂા. ૧૭૦૦ પ્લસના ભાવની ગણતરી.